# એમ બી પટેલ ગર્લ્સ સ્કૂલનું હીર રાજ્યકક્ષાની બાલવિજ્ઞાન સ્પર્ધામાં

ગાંધીનગર, તા. ૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ સ્કૂલની વિદ્યાર્થિનીઓએ નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ પ્રેરિત અને નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટર આયોજિત જિલ્લા કક્ષાની રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન સ્પર્ધામાં વિજયપદ મેળવી ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે આયોજિત રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લીધો હતો. હેલ્થ, હાઈજીન એન્ડ સેનિટેશન વિષયે સ્વચ્છતા અભિયાન પછી લોકોમાં આવેલી વર્તણૂંકનો અભ્યાસ વિષયે યેશા વિપુલભાઈ મકવાણા દ્વારા પ્રભાવી રજૂઆત કરવામાં આવી હતી. શાળા પરિવાર વતી આચાર્ય નીરૂબેન પટેલે વિદ્યાર્થિનીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# એસ વી પ્રિસ્કૂલમાં પિન્ક ડે



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી.ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં 'પિન્ક ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. બાળકો પિન્ક કલરના વિવિધ પ્રકારના વસ્ત્રો પરિધાન કરી, પિન્ક કલરની વસ્તુઓ જેવી કે પિન્ક ટેડી બીયર, પિન્ક ઢીંગલી, પિન્ક બટરફ્લાય, પિન્ક પિલો અને બસ જેવા રમકડાં, ચાર્ટ લઈને ઉત્સાહભેર શાળામાં આવ્યા હતા. શિક્ષકોએ પિન્ક દુપટ્ટા , પિન્ક ફુગ્ગા, પિન્ક ફૂલોથી શાળાને શણગારી હતી, જેને જોઈને બાળકો તથા તેમના વાલીઓ ખુશ થઈ ઉઠ્યા હતા.

# ડીપીએસમાં એનસીસી દિવસની ઉજવણી



ગાંધીનગર, તા. ૭

બાળકોનાં સર્વાંગી ઉત્થાન માટે સતત પ્રયત્નશીલ દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરની એન.સી.સી.ની ગર્લ કેડેટ્સ દ્વારા એન.સી.સી. દિવસની ઉજવણી વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાનના માધ્યમથી કરવામાં આવી હતી. આ પ્રસંગે હવાલદાર શિવાજી કેડેટ્સને માર્ગદર્શન આપવા માટે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે દિલ્હી પબ્લિક સ્કૂલ,ગાંધીનગરમાં છેલ્લા દોઢ વર્ષથી વિદ્યાર્થીઓ માટે એનસીસીની તાલીમનો આરંભ કરવામાં આવ્યો છે.

## જન્મદિને વધામણી



રિકીત જે સોની
૯૮૨૪૫૪૪૬૯૭



સંજય થોરાત 'સ્વજન'
ઉપાધ્યક્ષ, ગાંધીનગર સાહિત્યસભા
મો : ૯૪૨૬૮ ૮૦૪૦૦



ભવાનસિંહ જી ચૌહાણ
મો : ૯૯૦૪૪ ૧૭૫૨૧

### કે બી ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, ગાંધીનગર ખાતે

# ગુજકોસ્ટના સૌજન્યથી એક દિવસીય સેમિનાર

ગાંધીનગર, તા. ૭

કે બી ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, ગાંધીનગર ખાતે ગુજકોસ્ટના સૌજન્યથી એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારનો વિષય 'પોલીસ્ટીક ઓવરી સિન્ડ્રોમ - એ ચેલેન્જ ઓફ મોડર્ન એરા' રાખવામાં આવ્યો હતો. સેમિનારમાં ગુજરાતની વિવિધ ફાર્મસી કોલેજના ૧૮૫ જેટલા વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ભાગ લીધો હતો. ડૉ. નિશા પટેલ, ડૉ. નેહા શુક્લ, ડૉ. નીતા શેખાવત અને ડૉ. ભાસ્કર ઠક્કરે પોતાનાં વકતવ્યો દ્વારા આ રોગ અંગે વિદ્યાર્થીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. સેમિનારની માહિતી વિદ્યાર્થીઓ માટે ખૂબ ઉપયોગી અને માર્ગદર્શક બની રહી હતી.

### ગાંધીનગર મહાનગરપાલિકા અને ગુજકોસ્ટ પ્રેરિત

# કચરાના વ્યવસ્થાપન અંગે માર્ગદર્શન કાર્યક્રમ





ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગરપાલિકા અને ગુજકોસ્ટ પ્રેરિત એક કાર્યક્રમ અંતર્ગત નિસર્ગ સાયન્સ સેન્ટર, ગાંધીનગર દ્વારા શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલ ખાતે કચરાના વ્યવસ્થાપન અંગે વિદ્યાર્થીઓને પાવરપોઈન્ટ અને ડોક્યુમેન્ટરી ફિલ્મ નિદર્શન દ્વારા માહિતી આપવામાં આવી હતી. સૂકો કચરો, ભીનો કચરો, પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન કેવી રીતે કરવું અને શક્ય હોય ત્યાં સુધી પ્લાસ્ટીકનો વપરાશ ઓછો કરવો, તેનું રિસાઈકલિંગ કરી તેમાંથી નવી વસ્તુનું ઉત્પાદન કરી તેનો ઉપયોગ કરીએ, તેવી માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. રિડ્યુસ, રિયુઝ અને રિસાઈકલ જેવા થ્રીઆરના સિદ્ધાંતને અનુસરીને આપણા દેશને હાનિકારક પદાર્થોથી બચાવવા માટે હાકલ કરવામાં આવી હતી.

# સોમવારે અમદાવાદ ખાતે કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૭

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી અને ભંવર રાઠોર ડિઝાઈન સ્ટુડિયો દ્વારા સંયુક્ત રીતે વિના મુલ્યે વિદ્યાર્થીઓ માટે એક ખાસ કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં પ્રખ્યાત મોટીવેશનલ અને લાઈફ કોચ સ્નેહ દેસાઈ અને બોલિવૂડ ના પ્રસિદ્ધ અભિનેતા અને સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના કો-ફાઉન્ડર વિવેક આનંદ ઓબેરોય મુખ્ય વક્તા તરીકે પોતાનું મંતવ્ય રજુ કરશે.

ધોરણ ૧૦ અને ૧૨ ના બોર્ડ માં ભણતા મોટા ભાગના વિદ્યાર્થીઓને જેમ જેમ બોર્ડ ની પરીક્ષા નજીક આવે છે તેમ તેઓ સામાન્ય રીતે ગભરાઈ જતા હોય છે આખા વર્ષનું ભણેલું જાણે કે ભુલાઈ જવાતું હોય તેવું લાગતું હોય છે. જેથી કરીને મોટા ભાગના વિદ્યાર્થીઓ આત્મવિશ્વાસ સાથે બોર્ડની પરીક્ષા નથી આપી શકતા. તેઓને બોર્ડની પરીક્ષા પછી કયા ક્ષેત્રમાં પોતાની કારકિર્દી આગળ બનાવવી તે અંગે પણ મૂંઝવણ પણ હોય છે.

તેવા સમયમાં સ્નેહ દેસાઈ, જેઓ ખ્યાતનામ મોટીવેશનલ સ્પીકર અને લાઈફ કોચ છે તેઓ આ ટોક શૉ માં તણાવમુક્ત બોર્ડ ની પરીક્ષા કેવી રીતે આપવી તેનું સચોટ માર્ગદર્શન આપશે. તે સાથે તેઓ ધો.૧૦ અને ૧૨ પછી કઈ કારકિર્દીની પસંદગી કરવી તે અંગે વિસ્તૃત માહિતી આપશે.

બોલિવૂડના પ્રસિદ્ધ અભિનેતા વિવેક આનંદ ઓબેરોય જેઓ એક સફળ ઉદ્યોગ સાહસિક પણ છે અને ભારત દેશની પ્રથમ સ્ટાર્ટઅપ યુનિવર્સિટી, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન યુનિવર્સિટીના કો-ફાઉન્ડર છે, તેઓ પોતાના વકતવ્યમાં સ્ટાર્ટઅપ, એન્ટરપ્રિનીયરશીપ અને ડિઝાઈન ક્ષેત્ર માં રહેલી કારકિર્દી ની અમૂલ્ય તકો વિષે પોતાનો બહોળો અનુભવ રજુ કરશે.

ખાસ પેનલ ચર્ચા દ્વારા અન્ય મહાનુભાવો પણ પોતાનો અભિપ્રાય રજુ કરશે.

આ ટોક શૉ માં શહેરના અન્ય મહાનુભાવો, ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે. ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓએ આ પ્રોગ્રામમાં ભાગ લેવા રેજીસ્ટ્રેશન કરવું જરૂરી છે. રજીસ્ટ્રેશન માટે મોબાઈલ નંબર ૭૮૩૮૫ ૩૫૧૬૩, ૯૯૨૪૪ ૫૨૪૮૯૫૨ કોલ કરવાનો રહેશે.

# આઈઆઈટી ગાંધીનગર અરૂણાચલ પ્રદેશની દિબાંગ વેલીમાં સેમિનારનું આયોજન કરશે

ગાંધીનગર, તા. ૭

ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર)ની હયુમાનિટીઝ અને સમાજ વિજ્ઞાન શાખાએ ૧૦-૧૧ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ અરુણાચલ પ્રદેશના દિબાંગ વેલી જિલ્લામાં અનિની ખાતે દિબાંગ રિસર્ચ સેમિનાર: 'ઈદુ મિશ્મિ અને સંશોધન વિદ્વાનો વચ્ચે સંવાદની શરૂઆત'નું આયોજન કર્યું છે. આ સેમિનારનો ઉદ્દેશ દિબાંગ વેલી જિલ્લામાં કાર્યરત સંશોધનકારો (જીવવિજ્ઞાનીઓ, માનવશાસ્ત્રીઓ અને અન્ય સામાજિક વૈજ્ઞાનિકો) તેમના સંશોધનને જિલ્લાના રહેવાસીઓ, ઈદુ મિશ્મી સમુદાય સાથે શેર કરી શકે તે માટે એક મંચ પૂરો પાડવાનો છે. વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ડબ્લ્યુઆઈઆઈ), ગૌહાટી યુનિવર્સિટી, અરણ્યક (ગુવાહાટી), આઈઆઈટી ગાંધીનગર જેવી વિવિધ સંસ્થાઓના લગભગ ૧૨ જાણકારો, અને ઈદુ મિશ્મિ સમુદાયના અભ્યાસકર્તાઓ, નેતાઓ અને શમણ પૂજારીઓ આ સત્રો યોજશે.

સેમિનારનો ઉદ્દેશ્ય છે કે:

- સ્થાનિક સમુદાય અને સંશોધનકારો વચ્ચે તેમના સંશોધનના તારણોને વહેંચવા માટે વાતચીત શરૂ કરવી
- સમુદાયની જરૂરિયાતો અને હિતો પર ભાર મૂકતા સંશોધનનાં નવા ક્ષેત્રોને શોધી કાઢવા
- નવીન વિચારોની ચર્ચા કરવી જેના દ્વારા સમુદાય તેમના સમાજ અને પ્રકૃતિ પર કરવામાં આવેલા સંશોધનનાં જ માહિતી ભાગીદારો બને.

વધુ માહિતી આપતાં, આઈઆઈટી ગાંધીનગરનાં સામાજ વિજ્ઞાન શાખાના આસિસ્ટન્ટ પ્રોફેસર અને સેમિનારના સંયોજક, પ્રોફેસર અંબિકા ઐયાદુરાઈએ કહ્યું, "આ માત્ર સમુદાયને "પાછુ આપવાનો" અંગેનો જ સેમિનાર નથી, પરંતુ ઘણા સંશોધનકારો સમુદાય સાથે જોડાવાની જરૂરિયાત અનુભવે છે. એવી રીતે કે સંશોધનનાં પરિણામો ઈદુ મિશ્મિ માટે મૂલ્યવાન સ્ત્રોત બની જાય. આ સેમિનાર ઈદુ મિશ્મિ સાથે સંવાદ શરૂ કરવા અને સહયોગ માટે નવી રીતો શોધવા ઈચ્છે છે."

દિબાંગ વેલીના વિવિધ સામાજિક-પર્યાવરણીય પાસાઓ પર સંશોધન કરનારા વિદ્વાનોને ઈદુ મિશ્મિસ માટે તેમના સંશોધન રજૂ કરવા અને શેર કરવા આમંત્રણ અપાયું છે. ઈદુ મિશ્મિ સમાજના સભ્યો, વન અધિકારીઓ, સમુદાયના આગેવાનો, સ્થાનિક સંસ્થાઓ તરફથી પ્રતિનિધિઓ, ગામના વડાઓ, આંચલ સમિતિના સભ્યો, અને જિલ્લા પરિષદના સભ્યોને આમંત્રિત કરાયા છે.

# શ્રીમદ્ ભગવદ્ગીતામાં પ્રસન્નતાનો મહિમા

**પ્રસંગસર**
**પી. એમ. પરમાર**

ગોળના ઢેફા ઉપર વગર આમંત્રણે કીડીઓ દોડી દોડી જાય તેમ અહીં જે માણસ પ્રસન્ન રહે છે તેના માટે સુખની કુમકુમ આમંત્રણ પત્રિકા આપોઆપ લખાઈ જાય છે. પ્રસન્નતાનો નાળ સંબંધ આનંદ સાથે છે અને આનંદ શબ્દનો કોઈ વિરોધી શબ્દ નથી એ પરિપ્રેક્ષ્યમાં પ્રસન્નતાનો કોઈ વિરોધ કરતું નથી. પ્રસન્નતાની રંગોળી દરેક ઘર આંગણે હોવી જોઈએ : ભલે પધાર્યા.

પ્રસન્ન - આ શબ્દના બધા અર્થો ચકડોળની માફક મજાની આજુબાજુ પરિક્મા કરનરા છે. પ્રસન્ન એટલે ખુશ, આનંદી, સંતુષ્ટ, સરળ, તરત સમજાય તેવું, નિર્મળ,સ્વચ્છ, પારદર્શક - એવું શબ્દકોશ કહે છે, જે બધા સુખના જ પર્યાયવાચી છે. સમગ્ર જીવન દરમિયાન જે એક પણ વખત ર્યા નથી એવા શ્રીકૃષ્ણ ભગવાન શ્રીમદ્ ભગવદ્ગીતામાં પ્રસન્ન વિશે જે કહે છે તે કાન દઈને સાંભળવા જેવું છે...

પ્રસાદે સર્વ દુ:ખાનાં હાનિરસ્યોપજાયતે, પ્રસન્ન ચેત સો હ્યાશુ બુદ્ધિ પર્યવતિષ્ઠતે. (૨/૬૫)


અર્થાત પ્રસન્નતા થતાં આ મનુષ્યનાં સર્વ દુખોનો નાશ થાય છે કેમ કે પ્રસન્ન ચિત્તવાળાની બુદ્ધિ જલદી સ્થિર થાય છે. રિઝર્વ બેન્કના ગવર્નર જે સત્તાથી ચલણી નોટ ઉપર સહી કરી કડકડતી રોકડ ગેરંટી આપે છે એથીય અદકી પાકી ખાતરી સર્વસત્તાધીશ શ્રીકૃષ્ણ આ શ્લોકમાં આપણને આપે છે. ત્યારે પ્રસન્નતાનેય ચાર ચાંદ લાગી જાય છે. જય શ્રીકૃષ્ણ. શ્રીકૃષ્ણ શરણં મમ.

પોતાનું ખોવાયેલું બાળક બે વર્ષ પછી અચાનક મળી જાય ત્યારે થતી માની પ્રસન્નતા, ગાયને ધાવતી વખતે ગાય-વાછરડાની ઉભય પક્ષે પ્રગટ થતી પ્રસન્નતા, ખેતરમાં લહેરાતો મબલક પાક જોઈ ખેડૂતના મોં ઉપરની દાણાદાર પ્રસન્નતા, વસંતના આગમને કોયલની, વર્ષાની મેઘગર્જના ટાણે મોરની, મેડકની, સ્વાતિના બુંદ વખતે ચાતકની અને પોતાના સમગ્ર પરિવારની ઉલ્લાસયમ કિકિયારીઓ જોઈ પિતાને થતી પ્રસન્નતા આગળ તો ટાટા-બિરલા, અદાણી-અંબાણી અને બફેટ-બિલ ગેટ્સની બધી સંપત્તિ ભેગી કરીએ તોય ઓછી પડે. રાધાની પ્રસન્નતાની સંપતિ ચોવીસ કેરેટના શુદ્ધ સોના જેવી હતી. એટલું જ જો સમજાય તો બેડો પાર. પ્રસન્નતા વગરની બધી સંપત્તિ પિત્તળ સાબિત થાય છે. રાધેકૃષ્ણ.

પ્રસન્નતાનાં દ્વાર ગીતામાં શ્રીકૃષ્ણ ખોલી આપે છે. જેને નિજનું અંત:કરમ વશ છે, રાગ દ્વેષથી જે પર છે, આંખ-કાન-નાક-જીભ-ત્વચા આ પાંચ જ્ઞાનેન્દ્રિયો જેને સ્વાધીન છે તે ક્યારેય પ્રસન્નતા માટે પરાધીન નથી. શ્રીકૃષ્ણનું આટલું કહ્યું જે માને તે દુખી નથી પણ જેને બીજા જ પોતાનું માને તેમાં જ રસ છે તે ક્યારેય સુખી નથી. જય શ્રીકૃષ્ણ.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં પ્રસન્ન શબ્દ કુલ ૧૦ વખત પ્રયોજાયો છે. ભગવાન પ્રસન્ન થાઓ એવી પ્રાર્થના અર્જુન કરે છે તો ગીતામાં અર્જુને પૂછેલા કુલ ૨૮ પ્રશ્નોના જવાબ શ્રીકૃષ્ણ પ્રસન્ન ચિત્તે આપે છે. શ્રીકૃષ્ણ કહે છે કે હે અર્જુન, બ્રહ્મભાવને પ્રાપ્ત થયેલો તે પ્રસન્નચિત્ત મનુષ્ય કશાનો શોક કરતો નથી કે કશાની આકાંક્ષા કરતો નથી. સર્વ ભૂતોમાં સમભાવથી રહેતો મારી પરમભક્તિને પામે છે. આ મારા પારાયણ થયેલા મનુષ્યો સર્વ કર્મો રોજ કરતા હોવા છતાં પણ મારી પ્રસન્નતાથી અવિનાશી પદને પ્રાપ્ત થાય છે. આમ પ્રસન્નતાનું પગેરું છેક પરમધામ સુધી પહોંચી જાય છે. પ્રસન્નતા ત્યાં પ્રભુતા. પ્રસન્ન રહીએ.

ગીતામાં શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદમાં પ્રસન્નતા એ લઘુત્તમ સાધારણ અવયવ છે, જે અસાધારણ છે. સત્તરમા અધ્યાયમાં પ્રસન્નતાને આત્મજ્ઞાનની નિશાની ગણાવી મનના સાત્વિક તપનો દરજ્જો આપવામાં આવ્યો છે. ઈન્દ્રના પટાવાળા થવું એના કરતાં પ્રસન્નતાપૂર્વક આપણા રાજા થવાની મજા જ કંઈક ઓર છે. પ્રસન્ન રહેવા પૈસાદાર થવું જરૂરી નથી. મંદિરની બહાર અહીં ગરીબોને પરિવાર સાથે હસતા જોયા છે તો મંદિરની અંદર અમીરોને પરિવાર વગર રડતા પણ જોયા છે. પ્રસન્નતા એ તો અંતરની અમીરી છે જ્યાં અંતર્યામી બિરાજમાન છે. રાધાની પ્રસન્નતા આવી ચોખ્ખા ઘીના લાડવા જેવી પવિત્ર હતી. પ્રસન્નતા સુખની પરમ સખી છે, આનંદની અર્ધાંગિની છે, પ્રેમનો પાડોશણ છે, સંતોષની સગી છે, સરળતાની પારાશીશી છે.



પ્રસન્નતા અને હાસ્ય સાપેક્ષ છે. તમે હસો તો ભગવાન ખુશ થાય છે પણ જ્યારે તમે બીજાને હસાવો છો ત્યારે ભગવાન તમને ક્યારેય રડવા નથી દેતા. ઘર સે મસ્જિદ હૈ બહુત દૂર, ચલોં યું કરેં, કિસી રોતે હુએ બચ્ચે કો હસાયા જાય... પ્રસન્નતાનો ઈબાદત-પ્રાર્થનાનો દરજ્જો પ્રાપ્ત થાય છે. તમે હસો તો દુખ જાય ભાગી, તમે રડો તો દુખ જાય જામી. પ્રસન્ન રહેવું એ જો સ્વભાવ બની જાય તો પછી કોઈ અભાવ રહેતો નથી. એ પ્રસન્નતાનો પ્રભાવ છે. પ્રસન્નતાનું સંવનન એ સુખની નોર્મલ ડિલીવરીનું વરદાન છે. પ્રસન્નમય હૃદય અને હૃદયમન પ્રસન્નતા હોય ત્યાં દુખ માટે નો એન્ટ્રીનું બોર્ડ લાગી જ જાય છે. ઘરેણાંથી ઘેરાયેલો માણસ પ્રસન્નતા વગર નથી શોભતો પણ એકેય ઘરેણું ન પહેરેલો માણસ જો પ્રસન્ન ચિત્તવાળો હોય તો શોભી ઊઠે છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમની રજતજયંતિની પ્રસન્નતા આજે ટૉક ઑફ ધી ટાઉન બની ગઈ છે. આ સંસ્થાના કાર્યક્રમો હાલ પ્રસન્નતાનું પ્રસન્નચિત્તે ગાંધીનગરાઓમાં ખોબલે ખોબલે આદાનપ્રદાન કરી રહ્યા છે ત્યારે આ સંસ્થાના તમામ હોદ્દેદારો અને પ્રમુખશ્રીને સો સો સલામ સાથે ખૂબ-ખૂબ અભિનંદન. સૌ કોઈ પ્રસન્ન રહે એવી શુભેચ્છા સાથે, આવજો.